**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>**

**(જુના ફોજદારી કેસ નં.૮૩/૨૦૦૮)**
**નવા ફોજદારી કેસ નં.૪૨૨૦/૨૦૧૮**
**આંક– ૫**

**ફરીયાદી ::–** કારખાના નિરીક્ષક
(શ્રી ડી.કે.દવે, કારખાના નિરીક્ષક,અમદાવાદ)

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** શ્રી મલીંદભાઈ દેસાઈ (માલીક)
લીઓ આઈસ ફેકટરી,
શેડ નં–સી–૧,બી–૧૬૫, ફેસ–૨,
જી.આઈ.ડી.સી.,વટવા,અમદાવાદ

**ગુનો :–** કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ૬૧(૯)(બી) ના ભંગ બદલ કલમ– ૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

**–:: ઠ રા વ ::–**

---

ફરીયાદી તરફે .. ગેરહાજર
આરોપી તર્ફે .. આરોપી જાતે હાજર

---

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ.ક.ને મળતા સદરહું ફોજદારી કેસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,અમદાવાદની કોર્ટમાંથી અત્રેની મજુર અદાલતમાં ટ્રાન્સફર થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૪૨૨૦/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની તા. ૨/૭/૨૦૦૩ ના રોજ મુલાકાત લેતા, કારખાનામાં પાણી અને એમોનીયા ગેસની મદદથી બરફ બનાવવાની ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવે છે. સદરહુ કારખાનામાં તા.૨/૭/૨૦૦૩ ના રોજ સવારે ૬:૦૦ કલાકે સ્વ.કામદાર શ્રી શીવભજન તિવારી ક્રોમ્પ્રેસર રુમમા ઓપરેટર તરીકે કામ કરતા હતા ત્યારે અચાનક એકયુમલેટર (સાઈઝ –ઉંચાઈ ૪ ફુટ અને વ્યાસ ૧૬ ઈંચ) જેનું ઉપરનું ઢાંકણું વેલ્ડીંગ જોઈન્ટથી જોડેલ છે તે ધડાકા સાથે છુટુ પડતા તેમાનો એમોનીયા ગેસ હવામાં ફેલાયો હતો અને કામદાર શીવભજન તિવારીને આ એમોનીયા ગેસની અસર થતાં કારખાનાની પાછળના ભાગમાં નીકળી ગયા હતા જયાં લગભગ બેભાન થઈ ગયા હતા. કારખાનામાં થયેલ ધડાકાનો અવાજ સાંભળીને દોડી આવેલા બીજા કમદારો તેમને એલ.જી.હોસ્પિટલ મણિનગર લઈ ગયા હતા જયાં ફરજ પરના ડોકટરોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.

કારખાનાામાં એમોનીયા રીસીવર ટેંકથી કુલીંગ કોઈથી એકયુમલેટર થઈને કોમ્પ્રેસર સુધીના મશીનરી / પ્લાન્ટમાં સામાન્ય રીતે ૨ થી ૫ કિ.ગ્રા. / સે.મી. સુધીનું એમોનીયા ગેસનું દબાણ હોય છે. આથી આ પ્લાન્ટને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ના નિયમ–૬૧(૭) મુજબ નિષ્ણાંત વ્યકિત પાસે ટેસ્ટ કરાવી તેનો રીપોર્ટ નિયત નમુના નં–૧૧ માં રાખવો જોઈએ અને તપાસવા માટે મળવો જોઈએ. કારખાનાના આરોપીએ જો આ પ્રેસર પ્લાન્ટનો ટેસ્ટ કરાવેલ હોત તો આ અકસ્માત નિવારી શકાયો હોત. પરંતુ ઉપરોકત તપાસ દરમ્યાન આ પ્રેસર પ્લાન્ટનો નિષ્ણાત વ્યકિત ધ્વારા ટેસ્ટ કરાવ્યાનો ટેસ્ટ રીપોર્ટ નમુના નં–૧૧ માંગણી કરતા રજુ કરી શકેલ નથી. આમ,

આ પ્રેસર પ્લાન્ટનો નિષ્ણાંત વ્યકિત પાસે ટેસ્ટ કરાવ્યાનો ટેસ્ટ રીપોર્ટ નિયત નમુના નંઅ૧૧ માં નહી રાખીને આરોપીએ ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ના નિયમ–૬૧(૯)(બી) ના ભંગ બદલ કારખાનાધારાની કલમ– ૯ર મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.ર૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.ર૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની આંક–૩ થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને આંક–૪ થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(પ) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબલુ હોવાનુ જણાવલે છે.ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તમો પણ આરોપીએ પોતાની સામનોે ગુન્હો કબુલ હોવાનુ

જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે ગુજરાત કારખાનાના નિયમ –૬૧(૯)(બી)ના ભંગ બદલ કારખાના ધારાની ક.૯૨ હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપીને રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ નામ.ઔધોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં. NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ –૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**